

# નિવેદન



## પિસ્તાલીસ (૩૫-ગામ) પરગણા રોહિત સમાજનું બંધારણ
## ૧ લી નવેમ્બર - ૨૦૧૯

વ્હાલા રોહિત બંધુઓ,

સવંત ૨૦૭૫ ભાદરવા વદ-૧ ને તા. ૧૫-૦૯-૨૦૧૯, રવિવારે '' **આપણા પરગણા ની સપ્તેશ્વર સમાજવાડી સંકુલ** '' ખાતે પરગણાના સામાજીક રીત-રિવાજો બાબતે બંધારણની સમીક્ષા કરવા માટે બેઠક રાખવામાં આવી હતી.

વર્તમાન સંજોગોને ધ્યાને લઈ સમાજ આર્થિક તથા સામાજીક ક્ષેત્રે વધુ વેગવાન બને તેમજ સમાજના બંધારણીય જોગવાઈનો અમલ ખૂબજ સફળતા પૂર્વક થઇ શકે તે બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે ઉપસ્થિત સમાજ દ્વારા થયેલ બહુજ સુંદર અને સમાજ ને પગભર થવા અંગેના સૂચનો અને તે ઉપર થયેલ વિસ્તૃત ચર્ચાઓ કરી સુધારા વધારા સાથે સર્વાનુમતે બંધારણનું ઘડતર મંજુર કરવામાં આવ્યું હતું અને સમાજ દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ આ બંધારણ પ્રસિધ્ધ કરવા ઠરાવવામાં આવ્યું.

સદર બંધારણ સંવત ૨૦૭૬ કારતક સુદ-૫ તા. ૦૧-૧૧-૨૦૧૯ શુક્રવારના રોજ થી અમલી બનશે.

બંધારણ આપણા દ્વારા જ ઘડવામા આવ્યું હોઇ આપણે સૌ બંધારણના ઠરાવો, નિયમોનું ચુસ્ત પણે પાલન કરવુ અને કરાવવું તે આપણા સૌની ફરજ છે તો આપણે સૌ સાથે મળી સાથ સહકારથી સમાજ પ્રગતિની દિશા તરફ આગળ લઈ જઈએ. પરિવર્તન એ સંસારનો નિયમ છે અન્ય સમાજની હરોળમાં આવવા માટે ખાસ શૈક્ષણિક વિકાસ થશે તો જ સામાજીક અને આર્થિક ઉત્થાન થઇ શકશે

જય રોહિદાસ

તા. ૨૦-૧૦-૨૦૧૯
સ્થળ : સપ્તેશ્વર
તા. ઇડર, જી. સાબરકાંઠા.

**લી.**
**પિસ્તાલીસ (૩૫-ગામ)**
**પરગણા રોહિત સમાજ**

## પિસ્તાલીસ (૩૫-ગામ) પરગણા રોહિત સમાજના ગામોની યાદી

| ગામ | તાલુકો |
|---|---|
| ૧. આરસોડીયા | ઈડર |
| ૨. દાવડ | ઈડર |
| ૩. એકલારા | ઈડર |
| ૪. પ્રેમપુર | હિંમતનગર |
| ૫. કેશરપુરા | ઈડર |
| ૬. અરોડા | ઈડર |
| ૭. વીરપુર | ઈડર |
| ૮. ઈલોલ | હિંમતનગર |
| ૯. સાચોદર | હિંમતનગર |
| ૧૦. ગઢા | હિંમતનગર |
| ૧૧. કાબસો | ઈડર |
| ૧૨. વકતાપુર | હિંમતનગર |
| ૧૩. લોલાસણ | હિંમતનગર |
| ૧૪. કડોલી | હિંમતનગર |
| ૧૫. છાપી | ઈડર |
| ૧૬. ઈસરવાડા | ઈડર |
| ૧૭. શીંગા | ઈડર |
| ૧૮. ચિત્રોડી | ઈડર |

| ગામ | તાલુકો |
|---|---|
| ૧૯. ગઢા (કાબસો) | ઈડર |
| ૨૦. લાલપુર | ઈડર |
| ૨૧. વીરપુર | હિંમતનગર |
| ૨૨. મહાદેવપુરા | હિંમતનગર |
| ૨૩. કાનડા | હિંમતનગર |
| ૨૪. પેથાપુર | હિંમતનગર |
| ૨૫. રંગપુર | હિંમતનગર |
| ૨૬. માઢવા | ઈડર |
| ૨૭. સુંદરપુર | ઈડર |
| ૨૮. સરદારપુર | ઈડર |
| ૨૯. મોટી વાડોલ | ઈડર |
| ૩૦. મુનપુર | હિંમતનગર |
| ૩૧. હિંમતપુર | ઈડર |
| ૩૨. વાગડી | ખેરાલુ |
| ૩૩. તેજપુરા | હિંમતનગર |
| ૩૪. સાતોળ | ઈડર |
| ૩૫. કનાઈ | હિંમતનગર |
| ૩૬. જેઠીપુરા | ઈડર |

'' રાજકીય તથા ધાર્મિક થવા કરતાંય મનુષ્ય પહેલા સામાજિક પ્રાણી છે, તે ધર્મમાં વિશ્વાસ'' રાખે કે ન રાખે તેની જરૂરીયાત અનુભવે કે ના અનુભવે તે રાજનિતીની જરૂરીયાત માને કે ના માને પરંતુ તેને સમાજની તો જરૂરીયાત રહેવાની જ. સમાજ સિવાય મનુષ્ય કશુ જ કરી શકતો નથી''

- ડૉ. બાબા સાહેબ આંબેડકર

# પિસ્તાલીસ (૩૫-ગામ) પરગણા રોહિત સમાજનું બંધારણ

## -: બંધારણીય ઠરાવો :-

**ઠરાવ નંબર -: ૧ દિકરા/ દિકરીની પસંદગી બાબત**

**કલમ**

૧. દિકરા / દિકરીની પસંદગી માટે મા બાપ, કુટુંબ કે નજીકના સગાઓ એ જવાનું રહેશે.

૨. સગાઇ કરવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવેલ છે. અને માંડવે બોલ લેવાનુ નકકી થયેલ છે. જેથી તેનો ચુસ્તેપણે અમલ કરવાનો રહેશે.

૩. માંડવે બોલ લેતી વખતે ફકત રૂા.૧૦૧/- વરપક્ષે કન્યાં પક્ષને આપવાના રહેશે. એ સિવાય બંને પક્ષે કોઇપણ જાતની લેવડ દેવડ કરવાની રહેશે નહીં. બોલ લગ્ન મંડપમાં લેવાનો રહેશે.

ઉપરોકત ઠરાવ નંબર ૧ ની કોઇપણ કલમનો ભંગ કરનાર વ્યક્તિ પાસે થી રૂા. ૫૦૦૦/- સમાજ ભંડોળ ખાતે વસુલ કરવામાં આવશે.

**ઠરાવ નંબર-: ૨ ચાંલ્લાના ઠરાવ બાબત**

**કલમ**

૧ લગ્ન નો ચાંલ્લો કરવા માટે કન્યાપક્ષ તરફથી પુરુષ તેમજ છોકરીઓ સાથે કુલ મળીને ૪૫ ની સંખ્યાની મર્યાદામાં મહેમાનોએ વરપક્ષને ત્યાં સવારે મોડામાં મોડા ૧૧.૦૦ વાગ્યા સુધીમાં પહોંચવુ.

૨ આપણા પરગણા તેમજ બહારના પરગણાથી ચાંલ્લો કરવા માટે આવનાર મહેમાનોએ કન્યાપક્ષ તરફના રિવાજનું પાલન કરવાનું રહેશે. મહેમાનોએ વરપક્ષને ત્યાં સવારે મોડામાં મોડા ૧૧.૦૦ વાગ્યા સુધીમાં પહોંચવાનું રહેશે.

૩ જમણવાર પ્રસંગને અનુરૂપ રાખવો.

૪ રૂા. ૧/- વરને ચાંલ્લો કરી કન્યા પક્ષ તરફ થી આપવો

૫ રૂા. ૧૦૧/- ચાંલ્લાના કન્યા પક્ષ તરફથી વરપક્ષને આપવા

૬ આવેલ તમામ મહેમાનોને માનના રૂા. ૧૦/- મુજબ આપવા.

૭ આ સિવાય કોઇપણ જાતનો વહેવાર કરવો નહી **(કાપડ, પેન્ટ,ધોતી, ડ્રેસ વિગેરે)**

૮ કન્યાા પક્ષેથી પણ વરપક્ષને ત્યા ઘર, કુટુંબ કે સગાસબંધીઓને કંઇપણ આપવુ નહીં.

૯ બહારના પરગણાા માટે કન્યા પક્ષના રિવાજનો અમલ કરવો.

૧૦ બંન્ને પક્ષ તરફથી રૂા. ૧૦૦/- મુજબ શિક્ષણફંડ ખાતે લઇ સમાજભંડોળમાં જમા કરાવવાના રહેશે.

૧૧ ઝાંપે ફકત રૂા.. ૧૦/- આપવા અન્ય કોઇ વહેવાર કરવો નહીં.

ઉપરોકત ઠરાવ નં. ૨ ની કોઇપણ કલમનો ભંગ કરશે તો તેણે રૂા. ૨૫૧/ સમાજ ભંડોળમાં જમા કરાવવાના રેહેશે.

**ઠરાવ નંબર-: ૩ ( અ ) લગ્ન પ્રસંગ બાબત**

**કલમ**

૧. દિકરા / દિકરી ના લગ્ન પ્રસંગે બેન્ડવાજા /વરઘોડો બંધ કરવામાં આવેલ છે તેનું પાલન કરવામાં નહી આવે તો જે તે ગામની વસ્તી જવાબદાર રહેશે તેમજ તેને નાત બાર મુકવામાં આવશે. અને સમાજ બોલાવવાનો રહેશે. અને સમાજ દ્વારા જે ન્યાય નક્કી થાય તે નિર્ણયનો અમલ કરવાનો રહેશે.

૨. દિકરા/દિકરીના લગ્ન પ્રસંગે મ્યુઝીકપાર્ટી, ફોટોગાફી, વીડીયોગાફી, ડી.જે. માટે છૂટ આપવામાં આવેછે.

૩. લગ્ન ની તારીખ નકકી થયેથી લગ્નના દિવસે વરપક્ષે જાન લઇને કન્યા પક્ષને ત્યાં સવારના ૧૧.૩૦ વાગ્યા સુધીમાં પહોંચી જવાનુ રહેશે. બહારના પરગણાએથી આવનાર જાન પણ ૧૧.૩૦ વાગ્યા સુધીમાં ફરજીયાત આવે તેવુ કન્યા પક્ષ તરફથી જણાવવાનુ રહેશે.

૪. જાનમાં છોકરીઓને સંખ્યા ની મર્યાદામાં લઇ જવાની રહેશે.

૫. પરગણા કે બહારના પરગણાએથી આવનાર જાને બેન્ડવાજા કે વરઘોડા કાઢનાર ઉપર પ્રતિબંધ લાદવામાં આવેલ છે. જેથી તેનુ ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે અને જે તે ગામની વસ્તીએ ઠરાવનો ફરજીયાત અમલ કરાવવાનો રહેશે.

કર્મ એવુ દપર્ણ છે કે જેમાં આપનું પ્રતિબિંબ દેખાય છે.

# પિસ્તાલીસ (૩૫-ગામ) પરગણા રોહિત સમાજનું બંધારણ

૬. આકસ્મિક સંજોગોમાં જાન પહોંચવામાં મોડુ થાય તો વર રાજા સાથેની ટીમે સમયસર પહોંચવાનુ રહેશે.

૭. જમણવાર પ્રસંગને અનુરૂપ આપવાનો રહેશે.

**<u>કન્યાદાનની વિગત (ઠરાવ નં.-: ૩ - બ)</u>**

૧. કન્યાના પિતા તરફથી કન્યાદાનમાં તાંબાનુ બેડુ, તાંબાનો લોટો, પિત્તળનુ બુઝારૂ, કાંસાની થાળી, બાજઠ, રમનદિવડો, તથા વાળી આપવાના રહેશે.

૨. તાંબા પિત્તળના વાસણો ભેટ સોગાદો જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ નજીકના સગા સબંધીઓ / મિત્ર વર્તુળે આપવાની રહેશે.

૩. કન્યા દાનમાં આવેલ રોકડ રકમ કન્યાના પિતાએ બચતપત્ર બનાવી દિકરીના સીમંત પ્રસંગે દિકરીને આપવાનું રહેશે.

૪. સ્ટીલના વાસણો સદંતર બંધ કરવામાં આવેછે. જેનો ઉલ્લેખ કંકોત્રીમાં કરવાનો રહેશે.

૫. વરરાજા કન્યા ચોળીમાં મંગળસુત્ર પહેરાવશે (યથાશકિત અનુસાર ચાંદી કે સોનાનું)

૬. લગ્ન વિધિ પુર્ણ થયેથી વરરાજા ને ત્યાં જ બેસાડી રાખીને દાપા/ ભાણાની વિગત ચાલુ કરવાની રહેશે.

૭. વરપક્ષ જોડેથી ભાઇઓ/કુંટુબના કે વસ્તીના કોઇ વ્યક્તિએ વ્યવહારની રકમ લેવી નહીં.

૮. વરપક્ષ તરફ થી દાપાની રકમ આણાવટ સાથે રૂા. ૪૪૫/- નકકી કરેલ છે. જે ભાણા વખતે કન્યા પક્ષને આપવાની રહેશે. તેમજ ફરીથી આણાની પેટી આપવાની કે સગાઓને તેડાવવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવેછે.

૯. કન્યા દાનમાં આવેલ વાસણ કે ભેટ સોગાદના વળતર રૂપે (ઘર અને સગા સબંધીઓ સહીત)કુલ રકમ રૂા.. ૨૫૦૦/- વરપક્ષે કન્યા પક્ષને આપવાના રહેશે. તે સિવાય બંને પક્ષે કોઇપણ જાતની લેવડ દેવડ કરવાની રહેશે નહીં.

૧૦. અણવર પ્રથા સદંતર બંધ કરવામાં આવેછે. (વધારે અપંગ દિકરીના કિસ્સા માં અણવર મોકલી શકાશે.)

૧૧. આવેલ જાનને મોડામાં મોડા સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં ફરજીયાત વિદાય કરવાની રહેશે.

૧૨. બહારના પરગણા માટે કન્યા પક્ષની બંધારણીય જોગવાઇ મુજબ અમલ કરવો.

૧૩. દિકરીના લગ્ન થયા પછીના પાંચ દિવસે કે બંને સગાની અનુકુળતાએ એકજ વ્યક્તિ એ તેડવા જવુ અને આવેલ મહેમાનને ફકત રૂા. ૧૦૦/- રોકડા આપવા તેમજ દિકરીના ઘરે તેડવા આવેલ મહેમાન પાસેથી ઘરમાં કે અન્ય ને કોઇ ફરગત કે કોઇપણ જાતની લેવડ દેવડ કરવી નહીં.

૧૪. બંન્ન પક્ષ તરફથી રૂા. ૧૦૦/- મુજબ શિક્ષણફંડ ખાતે લઇ સમાજ ભંડોળમાં જમા કરાવવાના રહેશે. ઝાંપાના રૂા. ૧૦/- આપવા

૧૫ ઉપરોકત ઠરાવ અને તેની કોઇપણ કલમનો અમલ નહીં કરનાર પાસેથી રૂા. ૧૦૦૦/- સમાજ ભંડોળ ખાતે વસુલ કરવામાં આવશે.

૩-બ ની કોઇપણ કલમનો અમલ વારી જે તે ગામની વસ્તિ જવાબદાર રહેશે.

**<u>ઠરાવ નંબર -: ૪ (અ) પુનઃ લગ્ન બાબત</u>**

**કલમ**

૧. પરગણાની કોઇપણ દિકરી ના છુટાછેડા થવાથી કે તેના પતિનું અવસાન થાય તેવા સંજોગોમાં કે દિકરી પૂનઃ લગ્ન પીઠી સાથે કરી શકશે.

૨. લગ્ન અંગેના ઠરાવ નંબર ૩ મુજબ અમલ કરવાનોરહેશે.

**<u>ઠરાવ નંબર -: ૪ (બ) સાજનુ કરવા બાબત</u>**

૧. જે દિકરી વિધવા બની હોય કે છુટાછેડા થયેલ હોય પરંતુ પુનઃ લગ્ન કરવા ઇચ્છા ધરાવતી ન હોય અને સાજનુ કરવા માંગતા હોય તો તે પ્રમાણે કરી શકશે.

૨. સાજના માટે વરપક્ષેથી તેડવા માટે કન્યા પક્ષને ત્યાં જવાનુ રહેશે.

૩. દાપાની રકમ રૂા. ૪૪૫/ નકકી કરવામાં આવેલ છે.

૪. વરપક્ષ તરફથી એક જોડી કપડાં, સોનાનો દોરો, બુંટી,સોનાની ચુની, તથા ચાંદીના ઝાંઝર કન્યાને આપવાના રહેશે.

૫. કન્યા દાનમાં તાંબાનુ બેડુ, બુજારા સાથે આપવાનુ રહેશે.

૬. ઘરમાં કે અન્ય સગાઓને રોકડમા ઉચ્ચક રકમ રૂા. ૧૦૦૦/- આપવા
૭. વાચણા માટે એક વ્યક્તિ એ તેડવા જવુ.
૮. ઝાંપાના રૂા. ૧૦/- આપવા
૯. ઉપરોકત ઠરાવ અને તેની કોઈપણ કલમનો અમલ નહીં કરનાર પાસેથી રૂા. ૧૦૦૦/- સમાજ ભંડોળ ખાતે વસુલ કરવામાં આવશે.

**<u>ઠરાવ નંબર -: ૫ સીમંત પ્રસંગ બાબત</u>**

**કલમ**

૧. સીમંત પ્રસંગે કંકોતરીમાં કાપડ, સાડી, ડ્રેસ પ્રથા સદંતર બંધ છે તેમ નોંધમાં જણાવવુ. જેથી આવનાર મહેમાનો રોકડ રકમ આપી શકે.
૨. દિકરીના ઘરે સિમંત વખતે મોડામાં મોડુ ૧૧.૦૦ વાગે પહોંચવાનું રહેશે.
૩. મહેમાનો માટે સંખ્યા માટે કોઈ બાધ નથી.
૪. જમણવાર પ્રસંગને અનુરૂપ રાખવો.
૫. દિકરીના પિતા એ પોતાની યથાશક્તિ અનુસાર મામેરૂ ભરવુ.
૬. દિકરીના બાપે મામેરામાં દાગીના,રોકડ કે નીચે મુજબ પહેરામણી કરી શકશે.
૭. સાસુ સાડલો, વેવાઈ માટે પોતાની શક્તિ અનુસાર વ્યવહાર કરવો.
૮ દિકરીની નણંદ-નણદોઈ તેમજ જેઠ-જેઠાણી, દિયર- દેરાણી ને રૂા. ૧૫૦/- મુજબ વ્યકતિ દીઠ રોકડમાં આપવા. તેમજ તેઓના બાળકોને રૂા. ૨૫/- મુજબ દરેકને આપવા.
૯. દિકરીના પિયર પક્ષની કુવાસી જો તે ગામમાં હોય તો તેઓને પણ રૂા. ૧૦૦/- ની મર્યાદામાં રોકડમાં આપવા (મરજીયાત છે)
૧૦. દિકરીના મામેરામાં આવેલ મહેમાનો પ્રસંગને અનુરૂપ દાગીના,ભેટસોગાદ કે રોકડથી વ્યવહાર કરી શકશે.
૧૧. મામેરામાં આવેલ દાગીના કે અન્ય ભેટ સોગાદ રોકડ રકમનો ટહુકો ન પડાવતાં આપણા (સંત શિરોમણી રોહીદાસ) એટલે ''જય રોહિદાસ ભગવાન''ના નામે અર્પણ નો ટહુકો પડાવવો.
૧૨. સીમંત પ્રસંગમાં આવેલ રોકડ રકમનુ બચત પત્ર/ સર્ટી દિકરી ના નામે બનાવી આપવુ. સીમંત પ્રસંગમાં આવેલ મહેમાનોને માંમેરાનુ વળતર રૂા. ૧૦૧/- આપવા.
ઉપરોકત ઠરાવનો કે કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૫૦૧/- સમાજ ભંડોળ ખાતે જમા કરાવવાનો રહેશે.

**<u>ઠરાવ નંબર -: ૬ - જેમના ઠરાવ બાબત</u>**

**કલમ**

૧. જેમ વખતે ફોઈ તરફથી એક જોડી કપડાં લઈ જવાં.
૨. બીજા કોઈ સગા સબંધીઓએ કશુ જ આપવાનુ નથી.
૩. બેન/ બનેવી ને પહેરામણી શકિત મુજબ કરવી.
૪. ઉપરોકત ઠરાવ અને તેની કોઈપણ કલમનો અમલ નહીં કરનાર પાસેથી રૂ. ૧૫૧/- સમાજ ભંડોળ ખાતે વસુલ કરવામાં આવશે.

**ઠરાવ નંબર -: ૭ - સંસારિક જીવનની સમસ્યાઓ (છુટાછેડા) બાબત**

૧. દિકરા/દિકરીના સંસારિક જીવનમાં સમસ્યા ઉભી થાય ત્યારે ઘરના/કુટુંબના કે નજીકના સગાસબંધીઓ દ્વારા સુમેળ સધાય તેવા પ્રયત્નો કરવા જોઇએ. આપણ સૌ જાણીએ છીએ કે, હાલના સંજોગો જોતાં છુટાછેડાનુ પ્રમાણ દિન પ્રતિદિન સતત આગળ વધી રહેલ જોવા મળેછે. જેમાં પોતાનાં સંતાનોની સહનશકિત તેમજ વાતવાતમાં તકરાર ઉભી કરી રહેલ છે જેમાં માબાપ જાણતા હોવા છતાં ફકત ને ફકત પોતાના દિકરા કે દિકરીની વાતમાં કેટલી સત્યતા છે તે ચકાસ્યા સિવાય તરફદારી કરે છે તેમાં કુટુંબ કે નજીકના સગાઓ તેને વેગ આપેછે. જેથી દરેકે આવી બાબતોથી અળગા રહી બાળકોને સમજાવવા જોઇએ. જયારે તમામ પ્રયત્નો કરવા છતાં તેમાં સારુ પરિણામ ન મળે તેવા સંજોગોમાં સમાજના પ્રમુખશ્રી/મંત્રીશ્રીને જાણ કરવી. અને તેઓ સાથે મળી સામાજીક સમિતિ ધ્વારા દિકરી-દિકરાના લગ્ન જીવનને સફળ બનાવવા માટે બંન્ને પક્ષકારોને બોલાવી સાંભળવા. કોઇપણ પક્ષને તેની રજુઆત કરવા માટે બોલાવવામાં આવે ત્યારે ફરજીયાત હાજર રહેવુ. સંજોગો વશાત ન આવી શકાય તેમ હોય તો તેના પછીના નજીકની તારીખ જે મળે તે તારીખે હાજર રહેવુ. જો તેમ કરવામાં કોઇ પક્ષ ન આવે અથવા આનાકાની કરે તો તેની જવાબદારી જેતે ગામ વસ્તીની રહેશે અને સમાજને જે યોગ્ય લાગશે તે પગલાં ભરશે. બહારના પરગણામાં પ્રશ્ન ઉપસ્થિત થાય તો બન્ને પક્ષે સ્થળ નક્કી કરી ચર્ચા કરવી.

૨. આપણા પરગણા કે સામેના પરગણામાં પરણાવેલ દિકરા-દિકરીના લગ્ન જીવન સફળ ન થાય તેમ હોય તો જે તે જવાબદાર ઇસમે સામાજીક વ્યવસ્થા ના ભાગરૂપે બંને પક્ષોએ ભેગા મળી ઉકેલ લાવવાનો રહેશે.

૩. આપણા પરગણાના આસામીના છોકરા કે છોકરીના છુટાછેડા લેવાના થાય તો બંને પક્ષોને સાભળ્યા બાદ કેસની ગંભીરતાને લક્ષમાં લઇ કસુરવાર પાસેથી આવેલ બંન્ને પક્ષના આગેવાનો દ્વારા જે રકમ કે લેવડ દેવડ નકકી કરવામાં આવે રીતે નીકાલ કરવાનો રહેશે.

૪. સમાજની પુર્વ મંજુરી સિવાય કોર્ટ/કચેરી કે સરકારનો આશરો લેવાનો રહેશે નહી. અને જો મંજુરી મેળવ્યા સિવાય તેમ કરશે તો સમાજ જે નક્કિ કરે તે નિર્ણય મુજબ અમલ કરવાનો રહેશે.

૫. સમાજની મંજુરીથી કેસની ગંભીરતાને ધ્યાને લઇ કોર્ટ કચેરી કેસ સરકારના કાયદાકીય રીતે આશરો લેવાનો થાય તો દિકરીના વાલીએ સામેવાળા છોકરાની બહેન કે સગા તેમજ તેના તદ્દન વૃધ્ધ મા-બાપનો કેસમાં સમાવેશ કરવા નહીં. અન્યથા કેસ કરનાર પાસેથી સમાજ ભંડોળમાં રૂા. ૨૦૦૦/- વસુલ કરવામાં આવશે.

૬. આપણા પરગણામાં પરણાવેલ છોકરી કે છોકરાના છુટાછેડા થાય તો છોકરીના વાલીએ રૂા. ૫૦૦૦/- તથા છોકરાના વાલીએ રૂા. ૫૦૦૦/- એમ (બંને પક્ષોએ) સમાજ ભંડોળમાં જમા કરાવવાના રહેશે.

૭. આપણા પરગણાની છોકરી કે છોકરાને બહાર ના પરગણામાં પરણાવેલ હોય અને તેના છુટાછેડા થાય તો તેના મા બાપ વાલીએ રૂા. ૫૦૦૦/- સમાજભંડોળમાં જમા કરાવવાના રહેશે.

૮. ઉપરની કલમમાં વસુલ કરવાની રકમ છુટાછેડા થયેથી સ્થંળ ઉપર જ હાજર રહેલ આગેવાનોએ લઇ સમાજ ભંડોળ ખાતે જમા કરાવવાના રહેશે.

૯. આપણા પરગણા કે બહારના પરગણામાંથી આપણા પરગણાની દિકરી કે દિકરાના છુટાછેડા થયેથી તે સ્ટેમ્પની એક નકલ સમાજમાં જમા કરાવવાની રહેશે.

૧૦. આપણા પરગણાના કોઇપણ આસામી કોર્ટ કે સરકારી કાયદાકીય જોગવાઇનો વગર મંજુરીએ આશરો લેનાર પાસેથી રૂા. ૨૦૦૦/- સમાજ ભંડોળ ખાતે જમા કરાવવાના રહેશે.

## ઠરાવ નંબર :-૮- મરણ ક્રિયાના ઠરાવ બાબત

**કલમ**

૧. જે વ્યકિતનુ મરણ થાય ત્યારે સગા વ્હાલાને સ્મશાને લઇ જવાના સમયની જાણ કરવાની રહેશે. જેથી આવનાર વ્યકિતઓ સમયસર આવી શકે.

૨. મરણ થનાર વ્યકિત માટે ખાંપણ ફકત પોતાના ઘરનુ તેમજ પિયરી પક્ષેથી લાવવાનુ રહેશે. અન્ય સગાઓએ કોઇપણ કાપડ,ધોતી કે સાડી લાવવી નહી. અને જો કોઇપણ સગાઓ લાવે તો તે સ્વીકાર્યા સિવાય હાજર રહેલ વસ્તી કે સમાજના લોકોએ ચોખ્ખી ના પાડી પરત આપી દેવુ.

૩. સરામણુ ,કાંગળો લેવાનુ અને પાણી દેવાનુ સદંતર બંધ કરવામાં આવેલ છે.

૪. મરણ થનાર પાછળ રાખવામાં આવતા જમણવાર ની પ્રથા સદંતર બંધ કરવામાં આવેલ છે.

૫. મરણ થનાર વ્યકિત પાછળ ફકત સાત દિવસે બેસણુ રાખેલ છે. આકસ્મિક સંજોગોમાં સાત દિવસની અંદર પણ રાખી શકાશે. પરંતુ સાત દિવસ પછી કોઇપણ જાતની છુટ આપવામાં આવતી નથી.

૬. મરણ થનાર ના ફોટાને પુષ્પાં જલિ આપવી. બેસણાનો સમય સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૧.૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ ઠરાવનું પાલન કરવામાં નહી આવે તો જેતે ગામની વસ્તી જવાબદાર રહેશે તેમજ તેને નાત બાર મુકવામાં આવશે. અને સમાજ બોલાવવાનો રહેશે. અને સમાજ નક્કી કરે તે નિર્ણયનો અમલ કરવાનો રહેશે.

૭. બહેન/દિકરીના સાસુ સસરાના લોકીતના રૂા. ૧૧/-આપવા.

૮. બહેન/દિકરીના પતિનુ મરણ થતાં પિયરપક્ષેથી ચાંદીની ચૂડીઓ તથા જોડી કપડાં આપવાં. તે સિવાય બાકીનો વ્યવહાર રોકડમાં કરવો.

૯. શોક સાત દિવસે જ ઉઠાવી લેવાનો રહેશે. પરંતુ કોઇ જુવાન વ્યકિતના મરણ પાછળ શોક ઉઠાડવા માટે કોઇ સમયમર્યાદા રાખેલ નથી.

૧૦. શોકના સાડલા સગી બહેન/દિકરીઓને જ આપવા.

૧૧. અગાઉ ઠરાવેલ લોકાચાર પાછળ રૂા. ૨/ અને રૂા. ૧/ ની પ્રથા બંધ છે તેનુ પાલન કરવાનુ રહેશે.

૧૨. અગાઉ બંધારણમાં ઠરાવ્યાબ મુજબ મરણ પસંગે કુટવા કે મોં વાળવા તથા બેસવા જવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવેલ છે તેનુ પાલન કરવુ.

## ઠરાવ નંબર :- ૯ - સામાજીક દુર્વ્યવહાર બાબત

સમાજના રીતરિવાજ વિરૂધ્ધ કોઇપણ વ્યક્તિ સામાજીક દુર્વ્યવહાર કરે અને સમાજને કલંક રૂપ થાય તેવુ કૃત્ય કરે તો જેની રકમ રૂા. ૧૦૦૦/- સમાજ ભંડોળમાં જમા કરાવવાની રહેશે .

## ઠરાવ નંબર :-૧૦ - વ્યસન કરવા બાબત

**કલમ**

૧. કોઇપણ શુભ કે અશુભ પ્રસંગમાં દારુ તથા કેફી પીણાં પીવે અથવા પીવડાવે તેમજ અનિચ્છનીય પ્રવૃતિ અથવા અભદ્ર વર્તન કરનાર પાસેથી રૂા. ૨૫૧/- અને આ વ્યકિતને મદદ કરનાર પાસેથી રૂા. ૧૦૧/- સમાજભંડોળ ખાતે વસુલ કરવામાં આવશે. તેમજ તેની સામે સમાજને યોગ્યે લાગે તે પગલાં ભરી શકશે .

## ઠરાવ નંબર :-૧૧ - સમુહ લગ્ન યોજવા બાબત

વર્તમાન સમયને ધ્યાને રાખી સમાજના આર્થિક ખર્ચા તેમજ સમયના બગાડને ધ્યાને લેતા આર્થિક રીતે મદદરૂપ થઇ શકાય તે માટે પરગણા દ્વારા સમુહલગ્ન યોજાય અને આર્થિક રીતે જે લોકો પગભર છે તેઓ આગળ આવી આ ભગીરથ કાર્યમાં સહભાગી બને તે માટે અપીલ કરવામાં આવેછે.

**ઠરાવ નંબર :- ૧૨ - જનરલ બાબતે**

**કલમ**

૧. દરેક પ્રસંગમાં રોહીત સમાજના બહારના કે આપણા ગોળ માટે કન્યા પક્ષના રિવાજોનુ પાલન કરવાનુ રહેશે.

૨. અગાઉની બંધારણીય જોગવાઇ મુજબ દરેક પ્રસંગમાં બેઠક આપવાની પ્રથા બંધ છે જે યથાવત રાખવામાં આવે છે.

૩. દરેક શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી રૂા. ૧૦૦/- મુજબ (શિક્ષણ ફાળા) તરીકે સમાજ ભંડોળ ખાતે પ્રસંગના દિવસે જ જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે.

૪. આપણા પરગણા કે બાળ પરગણા તરફથી કે ગામની વસ્તી તરફથી સામાજીક બાબતને લગતો પત્ર વ્યવહાર થાય તોતેનો પ્રત્યુત્તર તે ગામની વસ્તિએ ફરજીયાત આપવાનો રહેશે.

## સમાજને નમ્ર અપીલ

સમાજ કેમ કહ્યો ? સમાજ એટલે શું ?

પિસ્તાલીસ (૩૫ ગામ) પરગણાના ગામોમાં રહેતા (રોહિત) ભાઇઓના સર્વાંગી વિકાસ અને પરીવર્તન શીલ સમાજ સાથે કદમ મીલાવવા માટે આપણી આર્થિક, સામાજીક અને શૈક્ષણિક પ્રગતિ કરવાની અને સમાજમાંથી કુરિવાજો અને વ્યસનોને દુર કરી અન્ય સમાજની હરોળમાં આવવા પ્રયત્નશીલ રહેવાની આપણા સૌની ફરજ છે. સમાજ દેવ-દેવિઓના મંદિરોના નિર્માણમાં આપણુ દાન સંચય ન કરતા શિક્ષણની સાથે સ્વ રોજગારીની તકો ઉભી થાય તેવા પ્રયત્નો હાલના સમયમાં ખુબ જ આવર્કાય છે. અને સમાજનુ પવિત્ર ઋણ અદા કરવાની ફરજ પાડવા તે સમયની માંગ છે.

આપણી ઉગતી પેઢીને બચાવવા ડૉ. બાબા સાહેબ આંબેડકરનો આપેલો સંદેશ શિક્ષિત બનો, સંગઠીત બનો અને સંઘર્ષ કરો એ વિચારોને અનુ સરવું પડશે.સમાજના બુદ્રિજીવીઓએ પરસ્પર ચર્ચા-વિચારણા કરી સમાજના વિકાસની દિશામાં સુચનો કરવા પડશે.

કોઇપણ સામાજીક પ્રસંગે (શુભ કે અશુભ) પરગણાના બંધારણની બુક અવશ્ય સાથે રાખવી તેનુ અવશ્ય પાલન થાય તે જોવું દરેક ઘર દીઠ સમાજના બંધારણની બુક વસાવવી આવશ્યક છે.

બંધારણનો કડક અને ચુસ્તપણે પાલન થાય તે માટે દરેક ગામ પુરતી કમિટીની રચના કરવી અને બંધારણનો અમલ થાય તેનુ ધ્યાન રાખવુ.

બંધારણનો કોઇપણ ઠરાવ નિયમનો ભંગ થાય તો પોતાના ગામ પ્રતિનિધિ અને બનાવેલ કમિટીએ કે સમાજની કોઇપણ વ્યક્તિએ સમાજ જે જગ્યાએ ભેગો થાય ત્યારે જાણ કરવી અને બંધારણના ચુસ્ત અમલ માટે સાથ સહકાર આપવો .

વિના સહકાર નહિ ઉધ્ધાર ,

**‘‘ જય રોહિદાસ’’**